August 2025

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 11 / 234

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 28 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા સ્નેહી પરિવારજનો,**

**પ્રણામ !**

**આપ સહુ તપસ્વીઓ સુખ શાતામા હશો.**

**''પધારો પર્વાધિરાજ અમ આંગણિયે,**
**પૂજન કરીએ આપનું, પાંચે આંગળિએ.''**

**સર્જન જૂના છતાં નિત્ય નવીન એવા પર્વાધિરાજ પર્વ દ્વારા સદ્‌ભાવનાના મોતીથી અને ક્ષમા અને મૈત્રીનો મંડપ રચીને સ્વાગત કરીએ છીએ. જૈન શાસનનાં આંગણે વિવિધ તપશ્ચર્યાના તોરણો બંધાયા છે. અંતરના આત્મગણમાં શ્રધ્ધાનાં સ્વસ્તિક આલેખ્યાં છે. ગુરુભગવંતની શ્રુતવાણીનું શ્રુતપાન કરતા કરતા આત્માના ઉધ્યાનમાં જ્ઞાનવારિનું આચમન કરીને અંતર મન વિકસિત કરો ના આશીર્વાદ માંગીએ છીએ. શ્રી પાટણ જૈન સમાજનાં આપણાં બધાં જ પરિવારો પવિત્ર, પાવનકારી, પર્યુષણ પર્વની ઉજવણી ગુરુ ભગવંતની નિશ્રામાં સુખશાતાપૂર્વક કરશો તેવી મારાં અંતરની શુભેચ્છા.**

મિત્રો, ખરેખર આપણાં પટણીઓ ઉપર **પંચાસરા પાર્શ્વનાથ દાદાની** અત્યંત કૃપા અને આશીર્વાદ છે. મને જણાવતાં ખુબ જ આનંદ થાય છે કે **અયોધ્યા અને વારાણસી ક્ષેત્રનાં પરમાત્માઓનાં ૩૮ કલ્યાણકની ભૂમિ** ઉપર પાવન થવા, પરમાત્માની ભકિતભાવમાં લીન બનીને આપ સર્વે યાત્રિકો કર્મ નિર્જરા કરવા આતુર છો, તે જ રીતે આપણાં સમાજના દાતાઓ પણ મન મૂકીને આ તીર્થયાત્રાનાં લાભાર્થી બનવા ઉત્સાહપૂર્વક સાથ આપી જોડાઈ રહયાં છે. તેમની ધનની શકિત સત્‌કાર્યમાં વાપરી રહયાં છે. આ બધાં જ ઉદાર દાતાઓ એમ માને છે કે; **જેટલું ધન સુકૃતમાં વપરાશે તેટલું વાવેતર થશે. એક નવા ડોનરની આપણે સહુ અનુમોદના કરીએ.**

**શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઇ શાહ (કુંભારિયા પાડો-વાલકેશ્વર) રૂ.૧૫ લાખમાં** નામ લખાવ્યું છે.

લોનાવાલામાં **નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્ય યોજનામાં** એક મહોલ્લાએ લાભ લીધો છે. સંસ્થા ટ્રસ્ટીઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**શ્રી મનમોહનજીની શેરી ટ્રસ્ટ     રૂા. ૧૧.૭૦ લાખ**

**મારી પરમાત્માને નિત્ય પ્રાર્થના એ જ રહે છે કે, અયોધ્યાની આ યાત્રા આપણી સફળતા સાથે સુખરૂપ પાર પડે. આવનાર સહુ યાત્રિકો પોતાની આત્મ કમાણી કરે. આ તીર્થયાત્રામા જે જે દાતાઓ દાન સરિતા વહાવી કામધેનુ દાતા બન્યા છે તે બદલ હું તથા આપણી કમિટિ તેમજ સર્વ પાટણ જૈન સમાજ આભાર માને છે, અનુમોદના કરે છે.**

આપણો પ્રોગ્રામ ૬ દિવસનો હતો તે તા.૨૨મી ફેબ્રુઆરીથી શરૂ થવાનો હતો, પરંતુ શ્રાવસ્તી નગરીમાં સંભવનાથ ભગવાનની કલ્યાણકભૂમિ ઉપર સૌ સારી રીતે ધર્મ આરાધના કરે તે હેતુથી ૨૨ તારીખે ૫ ફ્લાઈટ સાંજે પહોંચવાની હતી તે અપડેટ કરાવી, તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટિકિટો કરાવી છે એટલે આ પ્રોગ્રામ કુલ ૭ દિવસનો થાય છે. **આ અંકમાં યાત્રા પ્રવાસનું ફોર્મ તથા સંપૂર્ણ**

Cont. page 2

**વિગતો મોકલી આપેલી છે. તે બધાંએ બરાબર ધ્યાનથી વાંચી લેવી બહુ જ જરૂરી છે. જો કોઈને પ્રતિબિંબ ન મળ્યું હોય તો તમે જાતે બીજા પાસેથી અથવા રૂબરૂમા ઓફિસમાથી આવીને મેળવી લેશો.**

**એક ફોર્મમાં એક ફેમિલીનાં માત્ર બે જ નામ લખી શકશો, સંપૂર્ણ વિગતવાળુ જ ફોર્મ માન્ય ગણાશે.**

સમ્મેતશિખરજીની યાત્રા દરમ્યાન કેટલાંક પરિવારોએ અમને બહુ જ સુંદર તેમનાં ભાવ બતાવતાં કહ્યું હતું કે, તેઓને ડોનરના રૂપિયાથી નહી પણ પોતાનાં સ્વખર્ચે ફુલ કિંમત આપીને જાત્રા કરવી છે. તેમની વાત અમને ગમી હતી, ભાવ બહુ જ ઉત્તમ હતો. તે બાબત અંગે વિચારતા આપને જણાવતા આનંદ થાય છે કે જેઓને યાત્રામા આવવાની ઈચ્છા હોય તેઓ સ્વખર્ચે પણ આવી શકે છે. પણ તેની મર્યાદિત સીટ રાખવામાં આવી છે.

**લોનાવલા નવગ્રહ જિનાલય ખાતે હવે ગૌતમસ્વામીનો એક જ આદેશ બાકી છે. તેનો નકરો ૬૩ લાખ છે. શ્રી પાર્શ્વયક્ષ દેવમાં કોઈને જોઇન્ટમાં લાભ લેવો હોય તો મળી શકે તેમ છે. રૂ. ૩૧.૫૦ લાખમાં એક નામ આવ્યું છે, બાકી રકમમાં બીજુ નામ લખાવીને લાભ લઈ શકો છો. ફુલ રકમ રૂ.૬૩ લાખ છે. વહેલાં તે પહેલાનાં ક્રમે આદેશ આપી દેવામાં આવશે. આ લાભ છોડવા જેવો નથી.**

આપણાં પ્રથમ **ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવીનાં** ખૂબ જ પ્રશંસનીય સાથ સહકારથી લોનાવલા પ્રોજેકટમાં વિવિધ પ્રકારનાં કામ માટે દસ વિવિધ એજન્સીઓની નિમણૂંક કરવામાં આવી છે. એમની ઓફિસનાં **પૂર્વીબેન સાલવી** આ પ્રોજેકટમાં ઊંડો રસ લઈને ખૂબ જ ખંતથી કામ કરી રહયાં છે. તેમને ૨૦ વર્ષનો અનુભવ છે. આવા અનુભવી પૂર્વીબેન જે રીતે પ્રોજેકટ પર પોતાનું સમજીને કામ કરી રહયાં છે તે પ્રશંસનીય છે. **શ્રી શંખેશ્વર દાદાની અસીમ કૃપા તેમ જ પૂ. ગુરૂદેવના આશીર્વાદથી સમયસર આ પ્રોજેકટ તૈયાર થઈ જાય તેવી શુભ ભાવના ભાવીએ.**

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા અનાજ વિતરણમાં પ્રથમવાર સારી સફળતા મળ્યા બાદ હવે દિવાળી સમયે બીજો રાઉન્ડ શરૂ થશે. આપણાં જ પરિવારજનો એવાં આ કુટુંબો દિવાળી આનંદથી ઉજવે તેવા ભાવ અંતરમાં જાગે છે, મારી ટીમ સાથે ચર્ચા કરતાં સહુને ઈચ્છા છે કે આપણે **સુકોમેવો તથા મીઠાઈ** પણ સાથે આપીએ. બધાં જ પરિવારોને ઘરે બેઠાં સમયસર મળી જાય તે માટે **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ** તેમની ટીમ સાથે તૈયારી કરી રહયાં છે. **રૂ. ૨ લાખ લખાવીને આ ''સાધર્મિક ભકિતના કાર્યો કરી ઉતરો ભવપાર.''**

મિત્રો ! યાદ રાખજો કે, **''ગ્રહસ્થ ધર્મની શરૂઆત જ સુપાત્ર દાનથી થાય છે. જૈન શાસનના ઈતિહાસમા આના અનેક દ્રષ્ટાંતો થઇ ગયા છે. યાદ રાખો કે; તમારા ભાગ્યનો સિતારો મધ્યાહને ચમકતો હોય ત્યારે જ આપણે આંગણે કોઈ સાધર્મિકનો લાભ મળે છે. શ્રી સંજયભાઇ અને તેમની ટીમને અભિનંદન.''**

**PPL, First Round, All 7 Team Owner** સાથે મિટિંગ બહુ જ આનંદભર્યા વાતાવરણમાં પૂર્ણ થઈ. હોલમાં એક સરસ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું. જેમાં નવેસરથી બધાં જ પ્લેયરનું ઓકશન કરવામાં આવશે. **૯૯ ટકા સ્પોન્સરશીપ મળી ગઈ છે. ૧૦૦ ટકા ગ્રાઉન્ડ બુક થઈ ગયા છે. ટુર્નામેન્ટને સફળતા પ્રાપ્ત થાય તે માટે સ્પોર્ટ્સ ટીમે અને ટીમ ઓનરો રચનાત્મક અભીગમથી એક ભગીરથ કાર્ય પાર પાડે તે માટે હું ખુબ ખુબ શુભેચ્છા પાઠવું છું.**

રંગરસિયા દાંડિયારાસ રમવાના ખેલાડીઓ તમારા માટે પણ સારા સમાચાર છે. **તા.૨૧ સપ્ટેમ્બરના રવિવારના** રોજ હંમેશની પ્રથા મુજબ **ગોરેગાવ (ઈ), નેસ્કો ખાતે સાંજના ૬.૦૦ કલાકથી દાંડિયારાસનુ** ઝાકઝમાળ રોશનીમા ઢોલીનાં ઢબૂકતા તાલે, દાંડિયાની રમઝટ રેલાવા, રંગબેરંગી વસ્ત્ર પરિધાન કરીને જરૂરથી પધારશો. નાનાં-મોટા, બાળકો સહપરિવાર આવશો તો ગમતાંનો ગુલાલ ઉડશે. **શ્રી કલ્પેશભાઇ રમેશચંદ્ર ઝવેરીની મહેનતથી રૂ. ૩ લાખના ૯ ડોનરો આવી ગયા છે.** દર વર્ષે લગભગ ૧૮૦૦ થી ૨૦૦૦ પટણીઓ આ કાર્યક્રમમાં જોડાય છે.

તો, મિત્રો ! આવો, **''ઝુમ ઝુમ કે નાચો આજ, ગાઓ ખુશી કે ગીત''** નાં તાલ પર રમવા. કાર્યક્રમની વધુ વિગત આ અંકમાં આપી છે.

**Mini Olympic -11th &12th Oct, 22nd & 23rd Oct.& 30th November. NSCI DOM Worli. ખાતે આયોજન કરવામા આવેલ છે. જેમાં ૧૫૦ થી વધારે પટણીઓ ભાગ લેશે. Box Cricket -16th November, Andheri (W) Sports Complex ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૨૦ થી વધારે પટણીઓ ભાગ લેશે અને ૧૦ ટીમનો સમાવેશ કરવામા આવેલ છે.**

હાલમાં **પાટણ પાંજરાપોળે એક ઉમદા કાર્ય કરેલ છે** જેની સૌએ નોંધ લેવી જોઈએ. બોટાદની બાજુમાં રાણપુર પાંજરાપોળમાં આગ લાગતાં **૧૬૦૦ પશુઓના ઘાસચારા માટે પાટણ પાંજરાપોળના મેનેજમેન્ટે ત્વરીત નિર્ણય લઈને લીલા ઘાસની ટ્રકો મોકલાવી** ભૂખ્યા પશુઓને જીવતદાન આપેલ છે, તે બદલ પાંજરાપોળની પાટણ જૈન મંડળ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

મને જણાવતાં ખૂબજ આનંદ થાય છે કે સિદ્ધહેમ જ્ઞાનપીઠની પ્રવૃત્તિ નવી દિશા તરફ પ્રગતિ કરી રહી છે. આપણા બાળકોને અંગ્રેજી અને ગુજરાતીમાં **On Line 9 Levals** નો પ્રોગ્રામ સમાજ સમક્ષ ટૂંક સમયમાં મુકવામાં આવશે. વધુ વિગતો આ અંકમાં અને આવનારા અંકમાં આવશે. મને હૃદયપૂર્વકની ખાતરી છે કે પટણી કુટુંબો અને બાળકો ધાર્મિક સંસ્કારની આ યોજનામાં જોડાશે.

આ લેખમાં આપેલી બધી જ તારીખો તમારી ડાયરીમાં નોંધ કરી લેજો. ભુલાઈ નહી. **''ખેલેગા ભી પટણી, ઔર જીતેગા ભી પટણી''**
મારી અને મારી ટીમ તરફથી સમગ્ર પાટણ જૈન સમાજનાં ભાઈબંધુઓ, પરિવારજનોને હૃદયપૂર્વકનાં...

**મિચ્છામિ દુક્કડમ**

# વિશ્વની વિરલ વિભૂતિ શ્રી વર્ધમાન

## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ



**ત્રિશલાનંદન જિનેશ્વર ! ચાહુ સદા આપની સેવના,**
**ખીલે જીવન વસંત ગુણકલિકા, અધ્યાત્મની ભાવના,**
**પામુ હું પુનિત પંથ, એ જ અમ જીવનની ખેવના,**
**જગત આધાર પ્રભુજી, આપો આશીર્વાદ તુમ ચરણે સમર્પણ.....**

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં પરમ ઉપકારી ત્રિલોકીવંદ્ય તીર્થંકર પરમાત્મા **શ્રી મહાવીર સ્વામીને** ફરીથી સ્મૃતિમાં લાવવાનો દિવસ, **૧૪ સ્વપ્નાની ઉછામણી બોલીને ભાવથી સ્વપ્ના ઝૂલાવીને પ્રભુનો જન્મોત્સવ ઉજવવાનો દિવસ એટલે મહાવીર જયંતિ !**

પરમાત્મા મહાવીરને આપણે વર્ષમાં ૩ વાર યાદ કરીએ છીએ.

**(૧) ચૈત્ર સુદ તેરસ (૨) ભાદરવા સુદ બીજ (૩) આસો વદ અમાસ નિર્વાણ દિન**

**''મહાવીર જન્મ ઉજવાય, આનંદ મંગલ છવાય...''**

**ભગવાન મહાવીરના ભવોની ગણતરી કરવામાં આવે છે,** આપણા ગુરુ ભગવંતો શાસ્ત્રોના વાંચન કરતાં કરતાં આપણને બોધ આપે છે, **મહાવીર પણ આપણા જેવો આત્મા હતા.** આ માનવની શક્તિ જ એવી છે કે તેમાં માનવમાંથી મહાત્મા અને આત્મામાંથી પરમાત્મા બનવાની શક્તિ છે.

આ જ **મહાવીર ભગવાનના** સિદ્ધાંતોને તેમના નામ **`MAHAVIR'** શબ્દોમાંથી સમજીને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ અને પ્રયત્નો કરવા જોઈએ.

**M - Make your Heart merciful :** તમે તમારા હૃદયને દયાથી, અનુકંપાથી ભરી દો.

**A - Anger is the madness of mind :** ક્રોધ તો માનવતાના મગજનું પાગલપણું છે ક્રોધ સામે તમે ક્ષમાને, વેરઝેરની સાથે વાત્સલ્ય અને સ્નેહ દર્શાવો.

**H - Hummunity is the root of all virtues :** માનવતા તે સર્વ સદ્‌ગુણોની જનેતા છે હંમેશા માનવતાના પાયા ઉપર જ ધર્મની ઈમારત ચણી શકાય. માનવતા એ માનવીનો પ્રથમ ગુણ છે જો આ ગુણ કેળવાશે તો બાકીના ગુણો આપમેળે આવી જશે.

**A - Abandonment (ત્યાગ) should be our motto :** ત્યાગ એ જીવનનો સિદ્ધાંત છે. બીજાને આપીને, ત્યાગીને ભોગવવામાં જ આનંદ છે.

**V - Virtue makes man great and happy :** સદ્ ગુણ માણસને મહાન અને સુખી બનાવે છે જીવનમાં સત્ય - નીતિ - પ્રમાણિકતા હશે, ન્યાય સંપન્ન હશે તો જીવન મઘમઘાયમાન બનશે.

**I - Idelness is the roof of all sins :** જેના જીવનમાં પ્રમાદ છે તેનું જીવન નિષ્ફળ છે માટે પ્રમાદ છોડીને ઉધમવંત બનો.

**R - Rightiousness must be root of our life :** સચ્ચાઈ તે આપણા જીવનનું મૂળ હોવું જોઈએ.

**આ MAHAVIR શબ્દના સાત અક્ષરમાં પ્રથમ અહિંસા તથા અંતમાં સત્ય છે વચ્ચે પાંચ સદ્‌ગુણોની હારમાળા છે.**

આ સાથે પરમાત્માએ પોતાના જીવનમાંથી દાનની પણ એક નવી પરિભાષા આપી છે જે સાચે જ સમજવા જેવી છે અને જીવનમાં અપનાવવા જેવી છે. **પ્રભુએ પોતાના જીવન દરમ્યાન સતત આપ્યા જ કર્યું છે.**

માતાપિતાને તેમણે **વચનદાન** આપ્યું. જીવ લેવા આવેલા ચંડકૌશિકને **સ્વર્ગદાન** આપ્યું. દીક્ષા લેતા પહેલા એક વર્ષ **સંવત્સરદાન** આપ્યું. તેજોલેશ્યા મૂકનાર એવા ગોશાલકને **સમકિતનું દાન** આપ્યું અને પેલો અભવી સંગમ, જેને કાંઈ આપી શકાય તેમ નહોતુ તેને પણ છેવટે **અશ્રુદાન** આપ્યું. આમ તેઓએ **પ્રેમ આપ્યો, સ્નેહ આપ્યો, વાત્સલ્ય આપ્યું, સમકિત આપ્યુ, ક્ષમા આપી, સમાધિ આપી અને સદ્‌ગતિ આપી.**

આવી જ રીતે પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને નજર સામે રાખીને જો આપણા જીવનનું ચણતર કરીએ તો જ પર્યુષણ પર્વની સાર્થકતા થશે.



**વંદન કરીએ વિશ્વ વત્સલ વિભૂતિ વર્ધમાનને...**

**મિચ્છામિ દુક્કડમ**



# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત

## શ્રાવસ્તી - રત્નપુરી - અયોધ્યા - કોસાંબી - વારાણસીની
## કુલ ૩૮ કલ્યાણક ભૂમિની પંચતીર્થ યાત્રા પ્રવાસ



શ્રાવસ્તી જૈન તીર્થ



અયોધ્યા જૈન તીર્થ



કોસાંબી જૈન તીર્થ



ભેલૂપુર જૈન તીર્થ

**યાત્રા પ્રવાસનાં મુખ્ય દાતા રૂા. ૫૧ લાખ : શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)**

**યાત્રા પ્રવાસનાં સહયોગી દાતા રૂા. ૧૫ લાખના નામ નીચે મુજબ છે.**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)
- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ચારૂબેન રાજેન્દ્રભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ (કપુરમહેતાનો પાડો)
- શ્રી ધવલભાઈ દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રી પંકજકુમાર નેમચંદભાઇ શાહ (પોળની શેરી)
- શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ (ખેતરવસી) USA
- શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ (કુંભારીયા પાડો)

**ખાસ નોંધ :-**

- આ યાત્રા પ્રવાસમાં યાત્રિકોને વિમાન દ્વારા લાવવા તથા લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવનાર છે.
- **યાત્રા પ્રવાસમાં જોડાનાર સભ્યનું આધારકાર્ડની ઝેરોક્ષ ફોર્મ સાથે મોકલવી જરૂરી છે.** વ્યક્તિનું નામ આધારકાર્ડ મુજબ જ લખવું.
- શારિરીક રીતે અશક્ત કે માંદગી ધરાવનારે ફોર્મ ભરવું નહીં.
- આપના દ્વારા ભરાયેલ અરજીફોર્મની તપાસણી કરી યોગ્ય હશે તેજ અરજદારની અરજી સ્વીકારાશે.
  નિર્ધારિત ક્ષમતા તથા નક્કી કરાયેલ ધારાધોરણ કરતા વધારે પ્રમાણમાં અરજી આવશે તો તેઓ વચ્ચે લક્કી ડ્રો કરી અરજી સ્વીકારાશે.
- અસ્વીકૃત થયેલ અરજદારને ભરેલ નિયત રકમ પરત કરવામાં આવશે.
- સ્વીકૃત થયેલ અરજદારનું નામ કોઈપણ કારણસર રદ કરાવશો તો તેઓને ભરેલ રકમ પરત કરવામાં આવશે નહીં, તેમજ નામ ફેરબદલી પણ થઈ શકશે નહી.
- યાત્રા પ્રવાસના અંદાજીત ખર્ચ તેમજ ઉપલબ્ધ બજેટની ગણતરીને આધારીત ૪૦૦ યાત્રિકોનો સમાવેશ શક્ય છે.
- યાત્રા પ્રવાસના કુલ ખર્ચની રકમના ચોક્કસ રકમ યોગદાન રૂપે આપીને પણ આ યાત્રા પ્રવાસમાં જોડાવવાની સમાજની માંગને ધ્યાનમાં લેતાં, વધુમાં વધુ યાત્રિકોનો સમાવેશ થાય તે હેતુથી સંસ્થાએ A / B / C એમ ત્રણ કેટેગરી ફોર્મમાં દર્શાવેલ છે, તે મુજબ આપને કોઈપણ એક કેટેગરી સ્વીકારવાની સામેના બોક્ષમાં ☑ કરવાનું રહેશે અને તે મુજબની રકમ ભરવાની રહેશે.
- સાથે રહેતા પરિવારદીઠ વધુમાં વધુ બે વ્યક્તિનો યાત્રા પ્રવાસમાં સમાવેશ થઈ શકશે. બેથી વધુ વ્યક્તિ માટે ફોર્મ ભરવું નહીં.
- યાત્રા પ્રવાસ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦-૦૯-૨૦૨૫.

**-: યાત્રા પ્રવાસ કન્વીનરો :-**

**શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯**

**શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - ૯૮૬૯૩૩૩૭૧૬ • શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ - ૭૬૬૬૬૭૬૭૦૧**

**સંસ્થાના ૧૧૪ વર્ષના ઈતિહાસમાં સમાજના પરિવારો માટે બીજો વિમાન દ્વારા યાત્રા પ્રવાસ**

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત

## શ્રાવસ્તી - રત્નપુરી - અયોધ્યા - કોસાંબી - વારાણસીની
## કુલ ૩૮ કલ્યાણક ભૂમિની પંચતીર્થ યાત્રા પ્રવાસ

**વિમાન યાત્રા તેમજ ૨x૨ એસી બસ સુવિધા સાથે લક્ઝુરિયર્સ પ્રવાસ**

**શુભ પ્રયાણ: શનિવાર તથા રવિવાર તા ૨૧, ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬**

**શુભ આગમન: શુક્રવાર, તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬**

### અરજી પત્રક માહિતી ફોર્મ

Ref No. ................

| ક્રમ | યાત્રિકનું પુરુ નામ (આધાર કાર્ડ મુજબ) | M/F | ઉંમર | મહોલ્લો | મોબાઈલ નં. | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |

| | વિવિધ કેટેગરીની વિગત | દરેક યાત્રિક માટે પ્રવાસ ફી | યાત્રિક યોગદાન | યાત્રિક દીઠ કુલ ભરવાની રકમ | ✓ |
|---|---|---|---|---|---|
| A | દરેક યાત્રિક દીઠ પ્રવાસ ફી | રૂા. ૧૦,૦૦૦/- | - | રૂા. ૧૦,૦૦૦/- | |
| B | દરેક યાત્રિક દીઠ પ્રવાસ ફી | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- | રૂા. ૨૨,૦૦૦/- | |
| C | દરેક યાત્રિક દીઠ પ્રવાસ ફી | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૩૫,૦૦૦/- | રૂા. ૪૫,૦૦૦/- | |

અમો ઉપર મુજબની A ☐ B ☐ C ☐ કેટેગરીમાં જોડાઈએ છીએ. ( ✓ કરવી)

અરજદારનું પુરુ નામ ................................ અરજદારની સહી ................................

ફોર્મ મળ્યાની તા. .................... રૂા.................... ચેક / રોકડા સમય ........... રકમ લેનારની સહી ......................

---

### ફોર્મ મળ્યાની પહોંચ :-

Ref No. ................

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત શ્રાવસ્તી - રત્નપુરી - અયોધ્યા - કોસાંબી - વારાણસી પંચતીર્થ યાત્રા પ્રવાસ

| ક્રમ | યાત્રિકનું પુરુ નામ (આધાર કાર્ડ મુજબ) | M/F | ઉંમર | મહોલ્લો | મોબાઈલ નં. | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |

**A** - કુલ રૂા. ૧૦,૦૦૦/- ☐ **B** - કુલ રૂા. ૨૨,૦૦૦/- ☐ **C** - કુલ રૂા. ૪૫,૦૦૦/- ☐

રૂા........................... ચેક / રોકડા મળેલ છે.

ફોર્મ મળ્યાની તારીખ .................... સમય .................. રકમ લેનારની સહી ..................

## શ્રી પાટણ જૈન મંડળ - પ્રોગ્રામ સમિતી આયોજીત



# દાંડિયારાસ ૨૦૨૫

## રવિવાર તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫

નેસ્કો ગોરેગાંવ (પશ્ચિમ) એસી હોલ ગ્રાન્ડ બેન્કવેટ (A.B.C.)

વિશેષ આકર્ષણ

પ્રસિદ્ધ અને લોકપ્રિય

## મનિષ પારેખ (ડ્રમ બીટ્સ)ના સંગાથે

સૌરભ મેહતા, ભરત શર્મા, ધનાશ્રી કોરગાવકર અને અન્ય જાણિતા ગાયકોના

**સૂર-તાલ સાથે LED સ્ક્રીન**

**સૌજન્યદાતાઓ**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી પરિવાર (સાલવી વાડો)
- શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)
- શ્રીમતી સોનલબેન રવિભાઈ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ પરિવાર (પોળની શેરી)
- શ્રી વિરલભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
- શ્રીમતી નીલાબેન નૈલેશભાઈ શાહ પરિવાર (કોકાનો પાડો)
- મે. ન્યુ ઈન્ડિયા કન્ટ્રક્સન (કનાસાનો પાડો)



વિજળી વેગે દાંડિયા રાસ રમતા પટણીઓને અને નાના ભુલકાઓને જોવાનો આનંદ એક રોમાચંક અનુભવ કરાવે છે. સમાજના લોકોને વર્ષો જુની પરંપરા મુજબ સાંસ્કૃતિક વારસો જાળવી રાખીને મનોરંજન આપીને ‘‘મીલે સૂર મેરા તુમ્હારા’’ના ભાવ સાથે ગમતાનો ગુલાલ કરવા આપ સૌને પધારવા આમંત્રણ છે.

**આ કાર્યક્રમના પાસ સોમવાર, તા. ૦૧-૦૯-૨૦૨૫ના રોજ આ સાથે બતાવેલ ડિસ્ટ્રીબ્યુટરો પાસેથી મેળવી લેવા વિનંતી છે.**

**એક ડોનેશન પાસના રૂા. ૫૦૦/-**

**ત્રણ વર્ષથી ઉપરના બધાના પાસ ફરજિયાત છે પાસ વગર કોઈને પણ એન્ટ્રી નથી.**

- ✳ શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય : 8779161209
- ✳ શ્રી પાટણ જૈન મંડળ - ગોરેગામ શાખા : 9819007469
- ✳ ગોરેગામ (વે) શ્રીમતી બીનાબેન શાહ : 8879029991 - શ્રીમતી મીનળબેન શાહ : 7208201973
- ✳ વિલેપાર્લા (વે) શ્રી કલ્પેશભાઈ ઝવેરી : 9821129819 - શ્રી સંજયભાઈ શાહ : 9820008585
- ✳ વિલેપાર્લા (ઈ) શ્રીમતી ભાવીનીબેન શાહ : 9920064668 ✳ સાંતાક્રુઝ (વે) શ્રી પંકજભાઈ શાહ : 9167239966
- ✳ અંધેરી (વે) / નાગદેવી : શ્રી જ્યોતિન્દ્રભાઈ શાહ : 9819793001
- ✳ અંધેરી (ઈ) શ્રી રોહિતભાઈ શાહ : 9821309981
- ✳ કાંદિવલી (વે) શ્રી મીલનભાઈ શાહ : 9324370338 / શ્રી ભાવિકભાઈ શાહ : 7666676701
- ✳ બોરીવલી (વે) શ્રી જીગરભાઈ શાહ : 9820280327 / બોરીવલી (ઈ) શ્રી મયુરભાઈ જૈન : 9819965004
- ✳ ભાયંદર (વે) શ્રી નિલેશભાઈ શાહ : 9321150160 / વસઈ (વે) શ્રી નિલેશભાઈ શાહ : 9820200523
- ✳ ઘાટકોપર (વે) શ્રી કુણાલભાઈ શાહ : 7738188889 ✳ વાલકેશ્વર શ્રી મેહુલભાઈ શાહ : 9820085310

**Valet Parking, Selfipoint, Dinner**




### ૪૬ વર્ષમાં પદાર્પણ - અભિનંદન

૧૫ ઓગસ્ટ ૧૯૭૯ના શુભ દિવસે પાટણ પ્રતિબિંબનો પ્રથમ અંક પાટણ સમાજમાં ગૌરવ સ્થાન પામે તે રીતે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જેને આજે ૪૫ વર્ષ જટલો સમય પસાર થયો છે. નાનકડા બીજ માંથી પ્રારંભ થયેલો અંક આજે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનુ પ્રતિબિંબ પાડતુ એક મોટો ગુલઝાર બની ગયુ છે.

પાટણ પ્રતિબિંબ દર મહિને નિયમિત રીતે આપ સૌને મળે છે. પ્રતિબિંબની ઓનલાઈન લિન્ક પરદેશમાં વસતા પટણીઓને પણ મળે છે, કલરફુલ પાના, આકર્ષક ડિઝાઈન અને વિવિધ પ્રવૃત્તિઓના ફોટા સાથે પ્રમુખની શુભેચ્છા સાથે દરેક પ્રવૃત્તિઓની માહિતી સાથે આ અંક પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપણી પ્રવૃત્તિઓના જે દાનવીર દાતાઓ છે તેઓને પણ પ્રતિબિંબ દ્વારા સન્માન આપવામાં આવે છે. પ્રતિબિંબમાં તંત્રીશ્રીની જબરદસ્ત મહેનત તેમજ ઓફિસના સ્ટાફનો પ્રતિસાદ જે રીતે મળી રહ્યો છે તે માટે આપણે તેમને અભિનંદન આપીએ.

જે લેખકો પોતાના લેખ દ્વારા પ્રતિબિંબ સાથ-સહકાર આપે છે તેમનો પણ આભાર.



## ક્ષમાપના

શ્રી પાટણ જૈન મંડળના સર્વે સ્નેહીજનો આપ સહુએ બહુ જ સુંદર રીતે પર્યુષણ પર્વની આરાધના સુખ - શાતાપૂર્વક પૂર્ણ કરી હશે. શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ તરીકે હું અને મારી કમિટિ તેમજ અન્ય વિવિધ પ્રવૃત્તિઓની કમિટિના સભ્યો તરફથી સમગ્ર વર્ષ દરમ્યાન આપ સહુને કોઈપણ પ્રકારે અમારા તરફથી મન દુઃખ થયું હોય તો સાંવત્સરિક પર્વના પાવન અવસરે અંતઃકરણથી ક્ષમા માંગીએ છીએ.



**મિચ્છામિ દુક્કડમ્**



**ક્ષમાભિલાષી**

**શ્રી પાટણ જૈન મંડળ ટ્રસ્ટીગણ તથા હોદ્દેદારો**

## અભિનંદન




શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ માટલીવાલાએ** પાટણ હેમચંદ્ર યુનિવર્સિટીના કુલપતી માનનીય **શ્રી કિશોરભાઈ પોરિયાની** મુલાકાત લઈને મોમેન્ટો અર્પણ કરીને શુભેચ્છા પાઠવી હતી.

## દિશા કાર્યશાળા, પાટણ



દિશા કાર્યશાળાના બાળકો માટે પર્યુષણ પર્વ નિમિત્તે એક ભાઈ તરફથી દરેક ફેમિલીને મીઠાઈ પહોંચાડવામાં આવી છે. ખુબ ખુબ અનુમોદના. આ વખતે બળેવમાં સવા બસો રાખડી નાડાબેટના આર.એસ.એફ.ના જવાનોને ભેટ મોકલવામાં આવી છે.

પાટણની દિશા કાર્યશાળા ઘણા વખત પહેલા ચાલુ કરવામાં આવી હતી અને તેમાં રીનોવેશનની ઘણી જરૂર હતી, પાટણના વિવિધ દાતાઓની સહાયથી ગ્રાઉન્ડ ફ્લોરનું કામ પુરુ થયું છે. હવે બહારનું અને ઉપરનું બન્ને રીનોવેશન બાકી છે આપના સહકારની અપેક્ષા સાથે.

# SHREE PATAN JAIN MANDAL

*Presents*

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

TITLE SPONSOR
THE ROYALEUM

## THE ROYALEUM PATAN INDOOR OLYMPICS 2025 SEASON-4

**VENUE : NSCI, WORLI, MUMBAI**

**CALLING ALL PLAYERS**

Get READY to be a part of the MOST EXCITING EVENT. We are offering both Team and Individual Tournament. So whether you want to compete Solo or with friends, there's a place for you! DON'T MISS YOUR CHANCE TO BE PART OF THIS THRILLING EVENT !!!

**Registration Starts - 01/09/2025 To 15/09/2025**

https://forms.gle/dDHSPXBBRh2gbSzx8

**Open Tournament 11th & 12th October**

### • Chess •

Open

### • Carrom •

- Boys Singles (Below 18 years)
- Girls Singles (Below 18 years)
- Mens Singles (Above 18 years)
- Womens Singles (Above 18 years)
- Open Mens Doubles
- Open Womens Doubles
- Open Mixed Doubles

### • Table Tennis •

- Boys Singles (Below 18 years)
- Girls Singles (Below 18 years)
- Mens Singles (Above 18 years)
- Womens Singles (Above 18 years)
- Open Mens Doubles
- Open Womens Doubles
- Open Mixed Doubles

### • Badminton •

- Boys Singles (Below 12 years)
- Boys Singles (13 to 18 years)
- Boys Doubles (Below 18 years)
- Boys Doubles (Above 18 years)
- Mens Singles (19 to 39 years)
- Mens Singles (Above 39 years)
- Open Mixed Doubles
- Girls Singles (Below 12 years)
- Girls Singles (13 to 18 years)
- Girls Doubles (Below 18 years)
- Girls Doubles (Above 18 years)
- Womens Singles (19 to 39 years)
- Womens Singles (Above 39 years)

**Please Note : Date Change - For Team Event 22, 23 November 2025**

**Grand Finale - 30th November 2025**

## *Sponsors*

- TITLE SPONSOR : DHAVAL SHAH — THE ROYALEUM
- CO-SPONSOR KETANKUMAR SHAH J.K. ELECTRONICS — JK
- FOOD SPONSOR MANISH SHAH & MEGHA SHAH — ColourCoats
- TROPHY SPONSOR DANESHBHAI SHAH MATLIWALA ZNL Bearings — ZNL Since 1996
- JERSEY SPONSOR PRAKASHBHAI & DHIRENBHAI PACK PRINT INDUSTRIES PVT. LTD. — PACK PRINT INDUSTRIES PPIL
- HYDRATION SPONSOR NIRANJAN SHAH — NEW INDIA CONSTRUCTIONS
- KIT SPONSOR PCC — PCC Patan Cricket Club

## *Team Owners*

- TEAM-1: MITESH SHAH/ CHIRAG SHAH/ PIYUSH SHAH — RISING STARS
- TEAM-2: SANJAY SHAH/ AMIT SHAH — GSTARR JEWELS
- TEAM-3: RAHUL SHAH/ KRUPALI SHAH — ULTIMATE WARRIORS
- TEAM-4: VINIT NAVINCHANDRA SHAH — THE ALL STARS
- TEAM-5: PANKAJ SHAH / JINEN SHAH — V V SMASHERS
- TEAM-6: MANISH SHAH / MEGHA SHAH — CC MAVERICKS

*Looking For :* **VENUE SPONSOR**

*More Details Please Contact*

Rajeev Shah : 9821241334 | Devang Shah : 9322238444 | Ketankumar Shah : 9820190551

Yogeshbhai R. Shah (Secretary) | Miteshbhai S. Shah (Secretary) | Parag Shah (Jt. Secretary)

# SHREE PATAN JAIN MANDAL

**Presents**

**Patan Box Cricket Season 4**





## PATAN BOX CRICKET

**SEASON 4 - SAVE THE DATE**
**16th NOVEMBER 2025**

Champions aren't born - they are made in the box.
join the league, build your legacy!

**Registration starts from :01/10/2025 link will be shared soon**

## SPONSORS

**JERSEY SPONSOR**
DANESHBHAI SHAH
MATLIWALA ZNL Bearings

**TROPHY SPONSOR**
RAVIBHAI SEVANTILAL SHAH
( K. SEVANTILAL & COMPANY)

*Looking For :*
- TITLE SPONSOR
- FOOD SPONSOR
- VENUE SPONSOR
- BALL SPONSOR

***Format & Team Details:***

- Total 10 teams will compete
- Each team 12 - 13 players
- Team owners can bring 10 players of their choice
- Remaining 2-3 players will be allotted by the committee.
- All players must be from patan ( jamai & nephews are allowed )
- Players Registration fees : ₹ 500 per player

Owners Contribution : ₹ 20,000 Per Team

***More Details Please Contact :***

Nilesh Shah: 9167521420 | Chirag Shah: 9819580084 | Jigar Shah: 9819619252
Yogeshbhai R. Shah (Secretary) | Miteshbhai S. Shah (Secretary) | Parag Shah (Jt. Secretary)

# SHREE PATAN JAIN MANDAL - SIDDHEM GYANPITH



DIGITAL JAIN PATHSHALA

INTRODUCING A NEW WAY OF LEARNING

# JAINISM

- Animated Stories & Rhymes
- Playful Presentations
- Wholesome Worksheets
- Notable Niyams
- Wonderful Workshops
- Creative Coloring Sheets
- Practical Projects
- Attractive Activities
- Exciting Experiments
- & Much More

Join the innovative online program for you & your children to connect with Jainism

## Available Languages

- ✦ Gujarati
- ✦ Hindi
- ✦ English



# What do we teach?




- Jain Philosophy
- Jain Rituals
- Living Jainism
- Jain Food Science
- Jain Historical Stories
- True Legends
- Jain Geography
- Tattvagyan
- Karma Theory
- Sutrarth
- Jeev Vichar
- Navtattva
- Know Our God
- Know Our Guru
- Know Our Parv
- Know Our Tirth
- Navpad
- Pujan Vivek
- Moral Values
- Social Responsibility







## We will be pleased to know your interest

Megha Zaveri : +91 98196 58200
Mamta Shah : +91 98215 04159
siddhahem@patanmandal.org

We will soon comeback with more details

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત પંચતીર્થ યાત્રા પ્રવાસ

## રૂા. ૧૫ લાખના યાત્રા પ્રોવાસના સૌજન્ય દાતાશ્રીઓ :-



શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
પરિવાર (કુંભારીયા પાડો)



શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ
પરિવાર (ખેતરવસી)



શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ
પરિવાર (કનાસાનો પાડો)

# સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

## -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-



શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ
(અમદાવાદ)



શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ
(કપુરમહેતાનો પાડો)



શ્રીમતી મંજુલાબેન દિલીપભાઈ શાહ
(મરફતિયા મહેતાનો પાડો)



શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ
(કુંભારીયા પાડો)



શ્રીમતી પ્રભાવતીબેન જમનાદાસ શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રીમતી અરૂણાબેન બાબુલાલ શાહ
(વખતજીની શેરી)



શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
(ચિતારાની ખડકી)



શ્રી નવીનચંદ્ર ગભરુચંદ શાહ
(ઝવેરી વાડો)



શ્રી અશ્વીનભાઈ કીર્તિલાલ શાહ
(ભાભાનો પાડો)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

## શ્રી પાટણ જૈન મંડળ
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

**લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)
હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ • એક સદ્‌ગૃહસ્થ

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા - શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા - શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધિરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (જીવદયા વાળા) (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

# LONAVALA PROJECT SCHEME

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે. ૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે. તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૨૫ લાખ રહેશે.

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૧૩ લાખ રહેશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.

દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.

જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

TOGETHER WE WILL
TAKE JAIN FAMILY
HEALTH CARE TO NEXT LEVEL

# OUR NEW PROJECTS

## Saurabh Medical healthcare

| ₹ 40 Cr | 8000+ | 25000+ |
|---|---|---|
| Total Project Size | Jain Families to Benefit | Indian Families of Goregaon get Benefit |

## SERVICES

- Pathology
- X-Ray
- Physio
- Sonography
- Reception
- Conference Room
- General Surgery
- Internal Medicine
- Ayurvedic
- Mammography
- General Consulting
- Cardiology Division & Consulting
- Dentist
- ENT
- Diabetes
- Ophthalmology
- Orthopedic
- Homeopathy
- Dermatology
- Pediatric

## WE WELCOME DONORS FOR THE FOLLOWING DEPARTMENTS



Premise Purchased
10,000 sq. ft.
Basement, Ground Floor, First and Second Floor in tower at Goregaon west
Become Expected to be operational by
By Dec 2025

Currently Operational at : 101-201 Prem Tower, 8 Jawahar Nagar, Goregaon west, Mumbai-400104.

SAURABH MEDICAL HEALTHCARE

| | |
|---|---|
| OT-1 (Angiography) / (Angioplasty) | 5 Cr |
| OT-2 Opthal (Eye Sergary) | 2 Cr |
| ICU Department (6 Bed) | 2 Cr |
| Dental Department | 1 Cr |
| ENT Department | 1 Cr |
| Physiotherapy (5 Beds) | 1 Cr |
| Enterence Hall | 1 Cr |
| Pediatric Department | 0.5 cr |
| Homeopathy | 0.50 Cr |
| Ayurvedic | 0.50 Cr |
| Reception No. 2 | 0.25 cr |
| Delux room no.1 | 0.25 cr |
| Delux room no.2 | 0.25 cr |
| Economy Class 1 | 0.25 cr |
| Economy Class 2 | 0.25 cr |
| Economy Class 3 | 0.25 cr |
| Conference Room | 0.25 cr |

### BENEFITS OF SCHEMES

- 2 Years span to complete the payment.
- Max benefit Under 501C(3)
- Department to be named after your proposed name.

## શ્રી પાટણ જૈન મંડળ

## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | | |
|---|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT** | Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT** | Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY** | Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT** | Late. Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste:Shri Bhupendrabhai, Shri Ashwinbhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT** | Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT** | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE** | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY** | Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT** | Smt. Geetaben Rakeshkumar Shah - D/o. Shri Seventilal Khemchand Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT** | Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE** | Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE** | Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM** | Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM** | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT** | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING** | Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE** | Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |
